સૌરાષ્ટ્ર આજતક

# સીરામીક કોન્ક્લેવ ફોર વિકસિત ભારત - ક્વોલિટી મીટસ ગ્લોબલ કોમ્પેટીટીવનેસ" વિષયક સીરામીક સેમિનારમાં રૂ. ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન

## સિરામિક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવા પર ભાર મુકતા મંત્રીશ્રી ગોયલ




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ ,
કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલની પ્રેરક ઉપસ્થિતિમાં એક્ઝિબિશન ડોમ ખાતે સિરામિક સેમિનારમાં રૂ. ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા.મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલી રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં મંત્રી શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે સીરામીક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવું એ સમયની માંગ છે.

બિલ્ડીંગ ઉદ્યોગ સાથે જોડાયેલા સીરામીક ઉદ્યોગની તાકાત તેની વિશ્વસનીયતા અને ઉચ્ચ ગુણવત્તા છે ત્યારે સીરામીક ઉદ્યોગની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મોરબી ખાતે ધમધમતા સીરામીકના ૮૦૦ પ્લાન્ટ માટે સરકાર ઉચ્ચકક્ષાની લેબોરેટરી સ્થાપવા માટે સક્રિયપણે વિચારી રહી છે. વૈશ્વિક બજારમાં ઊભી થયેલી સિરામિક ક્ષેત્રની માંગને પહોંચી વળવા માટે સીરામીક ઉદ્યોગે સતત અને સખત સંશોધનો પર વિશેષ ભાર મૂકવો પડશે. ઉચ્ચ કક્ષાના ગુણવત્તા નિયમન પ્રત્યે સીરામીક ઉદ્યોગોએ આંખ આડા કાન કરવા નહીં ચાલે. વૈશ્વિક કક્ષાની સ્પર્ધા સિરામિક ઉદ્યોગને વધુ સક્ષમ બનાવશે, " વિકસિત ભારત, વિકસિત ગુજરાત, વિકસિત સૌરાષ્ટ્ર"ની શરૂઆત "વિકસિત મોરબી" થી કરવા માટે બધા કટિબદ્ધ બનીએ, તેઓ અનુરોધ મંત્રીશ્રી ગોયલે ઉપસ્થિતોને કર્યો હતો

આ સેમિનારમાં રાજ્ય સરકાર અને મોરબીના સિરામિક ઉદ્યોગો વચ્ચે રૂપિયા ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા. મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા શ્રી જયરામ ગામીત, ઉદ્યોગ સચિવ શ્રી મમતા વર્મા અને મોરબી સીરામીક ઉદ્યોગના અગ્રણીઓ આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

# રીજીયોનલ વાઈબ્રન્ટ સમિટ તા.૧૫ સુધી એકિઝબિશન નાગરિકો માટે ખુલ્લુ રહેશે

## છ થીમેટીકડોનમાં ગુજરાતના વિકાસની ઝલક: મૂલાકાતીઓ માટે દરરોજ સાંજે લક્કી ડોનું આયોજન




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના અગ્રણી ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો, એમ.એસ.એન.ઈ એકમો, શિક્ષણવિદો, કારીગરો, મહિલા ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સની ભાગીદારી સાથે આ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરવામાં આવી રહી છે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ ઝ્દ્રઝ સહિતના અગ્રણી કોર્પોરેટ્સના સ્ટોલ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આ એકિઝબીશનના ગુજરાતના વિકાસની ઝલક દર્શાવવામાં આવી છે. જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ ક્રાફ્ટ્સ વિલેજ અને સ્જીસ્ઈ પેવેલિયન ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયનનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો તેમજ મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બને તેવું આયોજન કરવામાં આવ્યું છે.

મુલાકાતીઓ માટે ૧૨ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન દરરોજ સાંજે ૫:૩૦ કલાકે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. લકી ડ્રોમાં ઈલેક્ટ્રિક સ્કૂટર, ૪૨ ઈંચ LED ટીવી, રેફ્રિજરેટર, સ્માર્ટફોન, ગિફ્ટ વાઉચર્સ અને ગિફ્ટ હેમ્પર્સ જેવા આકર્ષક ઈનામો આપવામાં આવશે.એક્ઝિબિશન સ્થળે વિવિધ સ્ટેજ પર સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના લોકનૃત્યો દ્વારા ગુજરાતની સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાનું મનમોહક પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

# રાજકોટમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી દિને મેયર સહિતના પદાધીકારીઓ દ્વારા પુષ્પાંજલી



રાજકોટ,
૧૯મી સદીના ગુઢવાદી સંત રામકૃષ્ણ પરમહંસના પરમ શિષ્ય અને રામકૃષ્ણ મિશનના સ્થાપક, યુરોપ અને અમેરિકામાં વેદાંત અને યોગના જન્મદાતા, પરસ્પરની આસ્થા ઉભી કરવાનો તથા ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ માન્યતા અપાવવાનો શ્રેય પ્રાપ્ત થયેલ છે, આધુનિક ભારતમાં હિન્દુ ધર્મના પુનરોદ્ધારમાં વિવેકાનંદને મુખ્ય્ પરિબળ સમા તરીકે જેની ગણના થાય છે, અને અમેરિકાના ભાઈઓ તથા બહેનો સંબોધન સાથેના તેમના પ્રવચનથી વધુ જાણીતા બનેલ અને તે ભાષણ દ્વારા શિકાગો ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં સન ૧૮૯૩માં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યુ હતું તેવા ભારતના પ્રથમ રાષ્ટ્ર નિર્માતાઓ પૈકીના એક સ્વામી વિવેકાનંદજીની ૧૬૩પ્રમી જન્મજયંતિ નિમિતે આજ તા.૧૨ના તેઓની કોટેચા ચોક, કાલાવડ રોડ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી, પદાધિકારીઓ તથા હોદેદારો દ્વારા મસ્તક નમન કરવામાં આવેલ. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડૉ.દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, જીતુભાઈ કાટોડીયા, મગનભાઈ સોરઠીયા, ચેતનભાઈ સુરેજા, કંકુબેન ઉઘરેજા, પ્રીતિબેન દોશી, ડૉ.દર્શનાબેન પંડ્યાન, દક્ષાબેન વસાણી, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયા, શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ કિશનભાઈ ટીલવા, વોર્ડના હોદેદારો અને અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહેલ

# રાજકોટમાં નારી શકિત ઉદ્યોગ સંવાદ સેમીનાર યોજાયો

## મહિલાઓની વધતી ભાગીદારી પર તજજ્ઞો દ્વારા ગહન સંવાદ




રાજકોટ,
રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ના ભાગરૂપે ‘નારી શક્તિ ઉદ્યોગ સંવાદ: એમ્પાવરિંગ વિમેન, એમ્પાવરિંગ ગુજરાત’ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર-કચ્છની ૨૦ પ્રતિભાશાળી મહિલા ઉદ્યોગ સાહસિકોને તેમની વિશિષ્ટ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ સફળ મહિલાઓને અન્ય બહેનો માટે ‘મેન્ટર’ બનવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, મહિલાઓ પોતાની સૌમ્યતા અને મક્કમતાના સમન્વયથી કોઈપણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે છે. ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્માએ ‘વિકસિત ભારત’ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી પર ભાર મૂક્યો હતો અને સરકારની પ્રોત્સાહક નીતિઓની માહિતી આપી હતી.આ સેમિનારમાં પદ્મશ્રી કલ્પના સરોજની ‘એન્ટરપ્રિન્યોરશિપ અગેન્સ્ટ ઓલ ઓડ્સ’ વિષય પરની સંઘર્ષગાથા રજૂ હતી. તેમણે શૂન્યમાંથી સર્જન કરવાની પોતાની સફર વર્ણવી મહિલાઓને પ્રતિકૂળ સંજોગોમાં પણ અડગ રહીને ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. તો બીજી તરફ, સામાજિક ઉદ્યોગ સાહસિક પાબીબેન રબારીએ ગ્રામીણ હસ્તકલાને ‘શાર્ક ટેંક’ જેવા વૈશ્વિક મંચ સુધી પહોંચાડી સ્થાનિક કલાના માધ્યમથી મહિલા ઉત્થાનનો નવો માર્ગ ચિંધ્યો હતો.

વિશેષ પેનલ ડિસ્કશન ‘બ્રેકિંગ બેરિયર્સ’માં સંરક્ષણ, લોજિસ્ટિક્સ અને ટેકનોલોજી જેવા બિન-પરંપરાગત ક્ષેત્રોમાં મહિલાઓના વધતા પ્રભાવ પર ચર્ચા કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય એન્જિનિયરિંગ અનુભવ ધરાવતા પ્રીતિ પટેલે રાજકોટમાં સ્થિત ’રાસ્પિયન એન્ટરપ્રાઈઝ’ વિશે વિગતો આપતા જણાવ્યું કે, દેશદાઝની ભાવના સાથે તેમની કંપની સ્મોલ આર્મ્સ વેપન સિસ્ટમ અને ડ્રોન ટેકનોલોજી જેવા સંરક્ષણ ઉત્પાદનો પર કાર્યરત છે. ‘મેક ઈન ઈન્ડિયા’ હેઠળ મહિલાઓના સહયોગથી નિર્મિત આ અત્યાધુનિક હથિયાર પ્રણાલીઓ ટૂંક સમયમાં બજારમાં આવશે, જે રક્ષણ ક્ષેત્રે નારીશક્તિની ક્ષમતા પુરવાર કરશે.આ સંવાદમાં નિલજા પટેલ, તૃપ્તિ જૈન, શીતલ અગ્રવાલ દેસાઈ અને અન્ય તજજ્ઞોએ કોર્પોરેટ જગતમાં મહિલાઓ માટે રહેલી નવી તકો અને પડકારો વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સેમિનારમાં સૌરાષ્ટ્ર-કચ્છના મોટી સંખ્યામાં સ્થાનિક મહિલા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા, જેમને સરકારની પ્રોત્સાહક યોજનાઓ અને આર્થિક સહાયની નીતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

# રાજકોટ શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમની ગૌશાળામાં દરરોજ સવાર સાંજ ગૌમાતાના પૂજા

રાજકોટ,
સદ્ગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ સંચાલિત શ્રી સદ્ગુરૂ ગૌશાળા ગૌ માતાના મંદિરથી ઓળખાય છે. જ્યાં નિયમિત ગાયમાતાનું પૂજન, આરતી કરવામાં આવે છે. રામચરિત માનસની માસ પારાયણ કરવામાં આવે છે.

ગુરૂદેવ કહેતા કે ‘જહાં ગૌમાતા પ્રાસન્નતા પૂર્વક સ્વરસ્થ વ સુખી રહેતી હૈ, વહા ભગવાન શ્રી ગોપાલ કૃષ્ણે ભી પ્રસન્ન‘ બિરાજતે હૈ’. ગુરૂદેવના આ વચનોને સદ્ગુરૂ સદન ટ્રસ્ટ દ્વારા ચરિતાર્થ કરી આશ્રમની ગૌશાળામાં અનેક સેવા પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે.

ગૌમાતા મંદિરમાં આશરે ૧૦૦ થી વધુ ગૌ માતા આશરો લઈ રહી છે. જેમને દરરોજ સવારે ૬.૩૦ અને સાંજે વાગ્યેઆ કંકુ ચોખાથી પૂજન કરી આરતી કરવામાં આવે છે. દરરોજ બપોરે ગોળ અને રોટલીનું ભોજન કરાવવામાં આવે છે. ગાયમાતા સમક્ષ શ્રી રામચરિત માનસજીની માસ પારાયણ કરવામાં આવે છે. દરરોજ લીલી મકાઈ, લાડવા, ખોળ, મગફળીનો પાલો સહીતનું પૌષ્ટીક ભોજન કરાવવામાં આવે છે. ગૌમાતાને દરરોજ ૨૪ કલાક શ્રી કૃષ્ણ્ શરણંમમની ધુન સંભળાવવામાં આવે છે.

આ ગૌશાળાની ગાયો દ્વારા આવતા દુધ, ઘી છાશનો ઉપયોગ શ્રી રણછોડદાસજી બાપુ હોસ્પિપટલના દર્દીઓ તથા સાધુ સંતોને જમાડવામાં કરવામાં આવે છે. વેચાણ કરાતુ નથી. મકરસંક્રાંતિ પર્વે ગૌ માતા મંદિરની સૌ કોઈએ મુલાકાત લેવા અને સહયોગી બનવા સદ્ગુરૂ સદન ટ્રસ્ટ (મો.૯૫૮૬૩ ૦૮૧૭૮)ની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટના ભક્તિનગર રેલવે સ્ટેશન પર સ્વાસ્થય તપાસ શિબિરનું આયોજન




રાજકોટ,
રાજકોટ ડિવિઝન દ્વારા ભક્તિનગર રેલવે સ્ટેશન પર રેલવે કર્મચારીઓ અને લાભાર્થીઓ માટે સ્વાસ્થય તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર ડિવિઝનના મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. રાજકુમાર અને તેમની મેડિકલ ટીમના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી.

ભારતીય રેલવે એક વિશાળ સંસ્થા છે, જ્યાં લાખો કર્મચારીઓ વિવિધ પરિસ્થિતિઓમાં કામ કરે છે. આવી સ્થિતિમાં, કર્મચારીઓનું તેમની કાર્યક્ષમતા જાળવી રાખવા માટે અત્યં ત મહત્વાનું છે. બદલાતી જીવનશૈલીને કારણે હાઈ બ્લરડ પ્રેશર, ડાયાબિટીસ, મેદસ્વીતા, હૃદયરોગ અને તણાવ જેવી સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. આ પડકારોને ધ્યા્નમાં રાખીને સ્વાસ્થયની વિભાગ પર આધારિત આ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં રેલવે કર્મચારીઓના બ્લડ પ્રેશર, બ્લુડ શુગર, વજન વગેરેની તપાસ કરવામાં આવી હતી અને નિયમિત સ્વાસ્થય તપાસના મહત્વય વિશે જાગળત કરવામાં આવ્યો હતા. આ સાથે ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, રાજકોટમાં ઉપલબ્ધા અદ્યતન તબીબી સુવિધાઓ અને પેનલ પરની ખાનગી હોસ્પિટલોની સેવાઓ વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કર્મચારીઓને કટોકટીની સ્થિ માં ઉપયોગી એવી કાર્ડિયોપલ્મો્નરી રિસસિટેશનનું વ્યવહારુ પ્રદર્શન પણ આપવામાં આવ્યું હતું, જેનાથી જીવનરક્ષક ઉપાયો પ્રત્યે જાગતિ વધી હતી. આ સ્વાસ્થય શિબિરમાં કુલ ૫૬ રેલવે કર્મચારીઓએ ભાગ લીધો હતો.કર્મચારીઓની ઉત્સાહપૂર્વકની ભાગીદારીએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો, જે રાજકોટ રેલવે ડિવિઝનની પોતાના કર્મચારીઓ અને લાભાર્થીઓના સ્વાસ્થય, સુરક્ષા અને કલ્યાણ પ્રત્યેની નિરંતર પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# રાજકોટ પતંગના પર્વ અંતર્ગત ઇજાગ્રસ્તોને સારવાર આપવા સિવિલ હોસ્પિટલમાં ખાસ ઇમર્જન્સી સુવિધા ઉભી કરાઇ

## ઇએનટી, મેડીકલ ઓફિસર, ઓર્થોપેડીક સર્જનો સતત ઇમર્જન્સીહ વોર્ડમાં સેવા આપશે: ખાસ ઓપરેશન થિએટર ચાલુ કરાશે




રાજકોટ,
મકર સંક્રાંતિના તહેવારના દિવસે પતંગના દોરાથી ઈજા થવાના કે પછી ધાબા પરથી પડી જવાના, પતંગો લુંટતી વખતે અકસ્માત નડવાના બનાવો વધી જતાં હોય છે અને સિવિલ હોસ્પિટલ ખાતે મોડી સાંજ સુધી આ પ્રકારના દર્દીઓ વધુ પ્રમાણમાં આવતાં હોય છે. આ માટે તબિબી અધિક્ષક ડો. મોનાલી માકડીયા, આરએમઓ ડો. દુસરા સહિતની ટીમે ખાસ ઈમર્જન્સી સારવારની વ્યવસ્થા ઉભી કરી છે.

આ માટે બે ઈએનટી સર્જન, બે સર્જન, બે મેડીકલ ઓફિસર, બે ઓર્થોપેડીક સર્જન ઈમર્જન્સી વિભાગમાં ખડેપગે રહેશે. ઈમર્જન્સી વોર્ડની બાજુમાં જ આવેલા મીની ઓપરેશન થીએટરમાં જરૂર પડયે તુરત જ ઓપરેશન કરવામાં આવશે. દર વર્ષે સંક્રાંતિ પર આ પ્રકારના કેસ વધી જતાં હોઈ તંત્રવાહકોએ અગાઉથી જ વ્યવસ્થા ગોઠવી રાખી છે.

# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં શરદી-તાવ-ઉધરસ- ઝાડા- ઉલ્ટીના ૨૦૫૨ દર્દી નોધાયા

## મનપા દ્વારા ૧૭૩૪૨ ઘરોમાં પોરાનાશક કામગીરી: મચ્છર ઉત્પતિ સબબ ૧૯૭ ને નોટીસ

રાજકોટ,
રાજકોટ શહેરમાં મિશ્ર ઋતુ વચ્ચે રોગચાળાનો પગપેસારો થોડો ઘટયો છે. મનપાના આરોગ્ય વિભાગમાં આ સપ્તાહે શરદી, તાવ, ઝાડા, ઉલ્ટીના ૨૦૫૨ થી વધુ દર્દી નોંધાયા છે. મચ્છરજન્ય રોગના કેસ નોંધાયા નથી. આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા.૫ થી ૧૧ જાન્યુ. સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત જોતાં શરદી તાવના ૨૦૫૨ થી વધુ કેસ નોધાયા છે.

શહેરમાં શરદી-ઉધરસના કેસ ૧૦૮૩ તેમજ સામાન્ય તાવના ૭૨૫ અને ઝાડા ઉલ્ટીના કેસ ૨૪૨ તથા કમળાના ૨ સહિત કુલ ૨૦૫૨ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જયારે સીઝનમાં શરદી-ઉધરસના કેસ ૨૨૧૪ તેમજ સામાન્ય તાવના ૧૫૧૮ અને ઝાડા ઉલ્ટીના કેસ ૪૫૪ તથા ટાઈફોઈડના ૧ તેમજ કમળાના ૪ કેસ નોંધાયા છે. રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનીષ્ટ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૧૭૩૪૨ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે તથા ૬૦૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કર્યાનો દાવો કર્યો છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૨૯૬ થી વધુ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્તિ દેખાતા ૧૯૭ લોકોને નોટીસ આપવામાં આવી હતી.

# રાજકોટ રામકૃષ્ણ આશ્રમ ખાતે સ્વામી વિવેકાનંદની ૧૬૪મી જન્મતિથિની ઉજવણી

રાજકોટ,
શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે શનિવાર, ૧૦ જાન્યુઆરીના રોજ યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદનો તિથિ અનુસાર ૧૬૪મો જન્મોત્સવ અત્યંત ભક્તિભાવ અને ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. દિવસની શરૂઆત વહેલી સવારે મંગલ આરતીથી કરવામાં આવી હતી, ત્યારબાદ આશ્રમના વૈદિક પાઠ અને સ્તોત્ર ગાનથી વાતાવરણ પવિત્ર બન્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રીરામકૃષ્ણદેવ, શ્રીમા શારદાદેવી અને સ્વામી વિવેકાનંદની વિશેષ ષોડશોપચાર પૂજા વિધિવત રીતે કરવામાં આવી હતી.

ત્યાર બાદ મંદિરમાં હોમ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનો ઉપસ્થિત રહ્યા અને શ્રદ્ધાપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી. આ પાવન અવસરે ‘સ્વામી વિવેકાનંદનું જીવન અને સંદેશ’ વિષય પર વિશેષ પ્રવચન યોજાયું હતું.આ નિમિત્તે લગભગ ૧૭૦૦ જેટલાં ભક્તોને ભોજન-પ્રસાદ પીરસવામાં આવ્યો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ‘‘રાષ્ટ્રીય યુવા દિવસ’’ની ઉજવણી કરવામાં આવી



રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ‘‘રાષ્ટ્રીય યુવા દિવસ’’ની ઉજવણી કરવામાં આવી કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ કેમ્પસ સ્થિંત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાં જલિ અર્પણ કરી હતી. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજી યુવાનોના પથદર્શક અને પ્રેરણાશાસ્ત્રો છે. યુવાનો સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા લે અને ધ્યેય પ્રાપ્ત સુધી મંડયા રહે. સફળતાનો કોઈ શોર્ટકટ નથી હોતો. યુવાનોએ અભ્યાસમાં રૂચી કેળવી પોતાનામાં રહેલા કૌશલ્યને પારીખ મહેનત કરી સફળતા મેળવવા કાર્ય કરવું જોઈએ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસરમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવન આધારિત પોસ્ટર પ્રદર્શન રાખવામાં આવેલ હતું.

આ પ્રસંગે બોર્ડ ઓફ મેનેજમેન્ટ્ના સભ્યો, કાર્યકારી કુલસચિવ ડો. મનીષભાઈ ધામેચા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યો, ભવનોના અધ્યક્ષશ્રીઓ, શૈક્ષણિક-બીનશૈક્ષણિક કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.